# આશીર્વાદ : સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદા



**૧૪ નવેમ્બર ૨૦૨૦, શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન પર્વ (સવારની સભા)**

- ભક્તિનું આ પર્વ, શક્તિનું આ પર્વ. આપણા ઈષ્ટદેવની પૂજા-પ્રાર્થના અને સતત એમની સ્મૃતિ રાખી, જીવનમાં એમને કેન્દ્રસ્થાને રાખીને સર્વ પ્રકારની પ્રવૃત્તિઓ કરવાની આ સુંદર વિધિ ઋષિમુનિઓએ આપણને વારસારૂપે આપી છે.
- એકાદશીથી આ દિવાળીનાં મંગલ પર્વોની શુભ શરૂઆત થાય છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને અગિયારમું મન; એને પ્રભુની સેવામાં પરોવવાના ભાવથી પર્વોની શુભ શરૂઆત થાય છે. આ પૂજનવિધિમાં મનથી જોડાયેલા રહેજો, પ્રભુની સ્મૃતિમાં, ગુરુહરિ સાહેબદાદાની સ્મૃતિમાં અને ભક્તિના હૃદયભીના ભાવથી આ સમગ્ર પૂજાવિધિ કરજો. આ માત્ર કર્મકાંડ નથી, આ માત્ર કરવા ખાતર કરવાની વિધિ નથી. જીવનને મંગલ બનાવવાનો, મારા સંસારને મંગલ બનાવવાનો આ ઉત્સવ છે.
- દ્વાદશીનો દિવસ - જેને આપણે ચીલાચાલુ ભાષામાં 'વાઘબારશ' કહીએ છીએ, પણ આ વાક્ બારશ છે. વાણીના માધ્યમ દ્વારા દેવી સરસ્વતી પાસે આશીર્વાદ માગીએ છીએ કે, અમારી વાણી પવિત્ર બને, મધુર બને, પ્રેમાળ બને, મંગલ બને. વાણી દૂધની માફક વાપરવી. દૂધ વિશે જેમ આપણને પવિત્ર ભાવ છે, એમ આપણી જીવન-વ્યવહારની જે વાણી છે એમાં મધુરતા લાવવી, પ્રેમ લાવવો. સુમેળતા ને સુસંવાદિતાનું એને માધ્યમ બનાવવી. દેવી સરસ્વતી આપણને બુદ્ધિયોગ આપે, વિદ્યા આપે, કૌશલ્ય આપે, કુશળતા આપે કે, જેના આધારથી આપણે આપણા જીવન-વ્યવહારમાં સફળતા પ્રાપ્ત કરી શકીએ, પ્રગતિ અને ઉન્નતિનાં શિખરો ક્રમે ક્રમે સર કરતા જઈએ. એ વાક્ બારશનો ઉત્સવ છે.
- જીવન-વ્યવહારની શ્રી લક્ષ્મી અને મોક્ષપ્રાપ્તિની સમજણ એ પણ શ્રી લક્ષ્મી. આપણે જે પુરુષાર્થ કર્યો, પ્રાર્થના કરી, સંતો-ભક્તોની માહાત્મ્યેયુક્ત સેવા કરી તો એને પરિણામે જે પ્રાપ્ત થાય છે તે ધન ત્રયોદશી ! આપણા જીવનનું જે ધન સત્સંગ છે, ગુરુહરિ સાહેબદાદા છે, સંતોનો સંગ છે. અને એ જ સાચું ધન છે. પરમહંસોએ કીર્તનમાં લખ્યું છે કે, 'ખર્ચ્યું ના ખૂટે ને ચોર ના લૂંટે એવું ધન મને પ્રાપ્ત થયું છે.' એ પ્રભુપ્રાપ્તિનું, સંતપ્રાપ્તિનું, ગુરુકૃપાનું ધન, એ ધન ત્રયોદશી ! અને આ બધું મળે ત્યારે એનું રક્ષણ કરવાનું, સંવર્ધન કરવાનું, એની જાળવણી કરવાની જે શક્તિ, તે શક્તિના પ્રતીકની આપણે ચૌદશના દિવસે પૂજા કરીએ છીએ. ભક્તિથી શક્તિ પ્રગટે છે. પણ, દિવાળીના દિવસે દાસત્વભક્તિની પ્રાર્થના કરવાની છે કે, પ્રભુ ! હું તારો દાસ છું, સેવક છું.
- માત્ર ધન ઉપાર્જન એ જ આપણા જીવનનો હેતુ નથી. આપણી સંસ્કૃતિનો સંસ્કારવારસો આપણે સમજવાનો, જાળવવાનો છે અને આપણી ઊછરતી યુવાન પેઢી કે જેનો વિદેશમાં જન્મ થયો છે અને તે દેશના વાતાવરણની વચ્ચે પણ એમનો સેતુ આ સંસ્કાર સાથે જોડાયેલો રહે એ બહુ અગત્યની બાબત છે. એટલા માટે આ પાંચ દિવસની પ્રાર્થના ને પૂજાનું પર્વ આપણા માટે બહુ મહત્ત્વનું, અગત્યનું અનેઆત્મિક ઉત્થાન કરવા માટેનું છે.

**૧૪ નવેમ્બર ૨૦૨૦, શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન પર્વ (સાંજની સભા)**

- આજના આ મંગલ પ્રસંગે આપણા આત્મજ્યોતિનો દીવો સદાય પ્રગટતો રહે. હું અક્ષર છું અને મારે વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદાય બિરાજમાન છે એવા ભાવથી, એ જાગ્રતતાથી આપણે સૌએ વિક્રમ સંવત-૨૦૭૭ના નવા વર્ષમાં જીવવાનો રૂડો સંકલ્પ કરીએ.
- આ પંચભૂતનું શરીર, જેને લઈને આપણે જીવીએ છીએ, ખાઈએ છીએ-પીએ છીએ, હરીએ છીએ-ફરીએ છીએ;. પણ શરીરના માધ્યમ દ્વારા જે કંઈ પણ ક્રિયાઓ કરીએ તે ભક્તિ બની રહે. ગુરુમુખી બની પ્રભુપ્રીત્યર્થે જે જીવ્યા તે ભક્તિ થઈ. ગુરુની આજ્ઞાથી પ્રભુની પ્રસન્નતા માટે કરેલું કર્મ એ કર્મ રહેતું નથી, એ ભક્તિ બની જાય છે. અને જીવનને ભક્તિમય બનાવવાનો આ સરળ ઉપાય ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણને શિખવાડ્યો છે, સમજાવ્યો છે. વર્તમાનકાળે ગુરુહરિ સાહેબદાદાએ-એ પ્રગટ સત્પુરુષે નૂતન મંદિર નિર્માણના માધ્યમ દ્વારા આપણને મંદિર સાથે, મૂર્તિ સાથે, મંત્ર સાથે, શાસ્ત્ર સાથે આખું વર્ષ જોડી રાખ્યા, એટલે એ આપણા માટે ભક્તિ થઈ.
- કોવિડ-૧૯એ આપણને અંતરાભિમુખ બનીને પ્રભુના બળે જીવવાની વિદ્યા શિખવાડી. જે મંદિર સાથે જોડાયેલા છે, જે સત્સંગ સાથે જોડાયેલા છે, જે પ્રગટ સત્પુરુષ સાથે જોડાયેલા છે તે સાચા સુખનો અનુભવ કરી શકે છે. ◆

## ૧૬ નવેમ્બર ૨૦૨૦, નૂતન વર્ષ-ભાઈબીજ મંગલ સભા

- જેમ શ્વાસોચ્છ્વાસ દ્વારા જંતુઓ પ્રવેશે નહિ તેના માટે આપણે માસ્ક પહેરીએ છીએ, એમ મનને પણ માસ્ક પહેરાવવો જરૂરી છે. તેના માટેનો અદ્ભુત ઉપાય છે – નામસ્મરણ. સતત ગુરુહરિ સાહેબદાદાનું ચિંતવન અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો દિવ્ય મંત્ર. 'સ્વામિનારાયણ' મંત્રનું મૂળ અક્ષર અને પુરુષોત્તમ સિદ્ધાંત સાથે જોડાયેલું છે.
- નૂતન યુગમાં મનની તંદુરસ્તી એટલે માહાત્મ્યમાં રહેવું, ગુણનું દર્શન કરવું. જે જોઈએ છીએ એના વિશે વિચાર આવે છે અને એ વિચાર પ્રમાણે મન તર્ક-કુતર્ક કરે છે. મન મહિમા સમજે છે કે અમહિમામાં પણ જાય છે. અભાવ, અવગુણ, ખટપટ, માથાકૂટમાં પણ પડે છે અને ગુણગાન ગાવા ને સાંભળવાથી જીવનની સાચી મસ્તી અને આનંદને પણ પ્રાપ્ત કરે છે.
- બસ એક ભગવાનનું જ નામસ્મરણ-સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... પ્રભુ તારી ઈચ્છાથી, તું કર્તા-હર્તા, તું કરાવી રહ્યો છું, મારી બુદ્ધિ, મારું મન એનો સ્વીકાર કરે એવું તમે મને બળ આપો.
- આપણે આપણાં મન-બુદ્ધિનાં-સમજણનાં બારાં બંધ કરી દેવાં, તાળાં મારી દેવાં. જે કંઈ થઈ રહ્યું છે, તે સરસ થઈ રહ્યું છે, દિવ્ય થઈ રહ્યું છે. સૌ નિર્દોષ છે એ ભાવથી જે કંઈ પણ આપણને જે કોઈ પણ કહે તેનો સહજતાથી સ્વીકાર કરવો તે પ્રભુની, ગુરુની સત્તાનો સ્વીકાર છે.
- અનુપમ મિશન એક પરિવાર છે. આપણા લોહીના સંબંધોની સાથેની સંવાદિતાથી આગળ વધીને મારા પ્રભુના, મારા ગુરુના સંબંધવાળા જે સંતો, ભક્તો, મુક્તો છે તે પણ મારો પરિવાર છે તેમ માનવું.
- ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'જોવા જેવા બે જ છે – એક ભગવાન અને બીજા સંત.' એમનો આધાર લઈને, એમનાં નામસ્મરણ, સ્મૃતિ સાથે જ્યારે આપણે ચાલવાનો પ્રયત્ન કરીશું તો અહંકારશૂન્ય – મારા પોતાપણાના ભાવમાંથી બહાર નીકળીને હું દાસ છું, સેવક છું, જે કાંઈ પણ છું તે તારી કૃપાનું પરિણામ છે; એવો શૂન્યભાવ એટલે કે દાસત્વભાવ આવે.
- મારા-તમારા જેટલા શ્વાસ અને હૃદયના ધબકાર લખી રાખ્યા છે તેમાંથી જેટલા પ્રભુને અર્થે અને પ્રભુની સેવાને અર્થે વપરાયા એટલા જ ભગવાનના ચોપડે જમા થયા. ભગવાને આપણને જીવતા રાખ્યા છે તો આપણા પંચવિષયના ભોગ ભોગવવા માટે નહિ, એના દ્વારા હજુ એમાં રચ્યા-પચ્યા રહેવા માટે નહિ, પણ બ્રેક મારીને પાછા વળવા માટે, પ્રભુસન્મુખ થવા માટે, પ્રભુનું કાર્ય કરવા માટે આપણને રાખ્યા છે. આ નૂતન યુગની જાગ્રતતા સાથે આપણે જીવવાનું છે. આપણે બધું જ કરવાનું છે. જે કરીએ છીએ તે જ કરવાનું છે. સંસાર, વ્યવહાર, વેપાર – જે કરતા હોઈએ તે; પણ પ્રભુની સ્મૃતિ સાથે – તારું કાર્ય, તને રાજી કરવા અને તારી રીતે કરવું છે. બહુ અગત્યની બાબત છે કે, કેવળ અને કેવળ તને રાજી કરવા માટે જ્યારે જીવીએ ત્યારે એ પ્રભુના ચોપડે જમા થાય છે. એ સાચું પુણ્ય છે. એવું જીવવા માટે આપણને આ ૨૦૭૭નું વર્ષ આપ્યું છે.
- પ્રભુ અને સંત, માવતર સમાન આપણી સાથે છે. ભગવાન ને સંત એ બે જોવા જેવા છે, બાકી કંઈ જોવા જેવું નથી. આ પહેલાંની જિંદગીમાં બધું બહુ જોઈ નાખ્યું અને બહુ જોવાનું મન થતું હતું. હવે સર્વ ઠેકાણે પ્રભુને જોવા છે, તમને જોવા છે અને તમારો હૃદયથી સ્વીકાર કરવો છે કે, મારા પ્રભુ, સર્વ ઠેકાણે તમે જ છો. તમારાં પગલાં આગળ-આગળ, અમે તમારા સેવક, અનુયાયી, દાસ તમારી પાછળપાછળ – એ જ માર્ગે ચાલવું છે. જેને આપણે મુક્તિનો માર્ગ કહીએ છીએ.
- મારી બુદ્ધિનાં મૂલ્યાંકનો પર આ જગત ચાલતું નથી. મનનું ધાર્યું કશું થતું નથી. ધાર્યું તો ધણીનું થાય છે. આપણે પ્રભુની સર્વોપરી સત્તાનો સ્વીકાર પરાણે પણ કરવાનો સમય આવી ગયો છે. ભક્તિ પરાણે કરવાની નથી, પ્રેમથી કરવાની છે. સઘળી ઈન્દ્રિયોને એમાં જોડીને કરવાની છે. અને મનમુખી મટીને ગુરુમુખી બનવાનું છે. પ્રભુના ગમતા થવું છે, માળાના મણકામાં આવવું છે. એને જેણે મન પર લીધું એનો જીવન-વ્યવહાર બદલાઈ જાય અને હંમેશાં અનુસંધાન રાખે કે, હું માયાનો જીવ નથી. મારે માયામાં રચ્યાપચ્યા રહેવું નથી. હું ભગવાનના ખાતાનો જીવ છું અને ભગવાનના થઈને જીવવું છે. જ્યાં ચૂક આવી ત્યાં ક્ષમા માગીએ, પ્રાર્થના કરીએ, જાગ્રતતા રાખીએ અને નવેસરથી જીવવાનો ઉમંગ ને ઉત્સાહ રાખીએ – એ ૨૦૭૭ની સાલનો સંદેશો છે. અને એના માટેનો આધાર છે ભગવાન અને સંત !
- 'હું પ્રભુનો ને પ્રભુ મારા, હું ગુરુનો ને ગુરુ મારા...' એ ભાવથી સઘળી ક્રિયાઓ કરવા માટે આ નૂતનવર્ષમાં સતત જાગ્રતતા ને અનુસંધાન રહે. સંતોનો સમાગમ રહે, મન-કર્મ-વચનથી સંતોની વાણીના માધ્યમથી તેમની સાથે જોડાયેલા રહીને, પોતાની જ્યાં ભૂલ થતી હોય ત્યાં સ્વીકાર કરીને રોજેરોજ ક્ષમા-પ્રાર્થના કરી લઈએ.

◆